CMYK
TC No.GUJBIL01010
MARKET INSIGHT
તંત્રી : એમ.જે. સીદાતર
www.marketinsight.co.in
વર્ષ : ૧ અંક : ૧ પાના : ૧૬ કિંમત રૂ.૨૫ તા.૨૪ ઓગષ્ટ ૨૦૧૪ રવિવાર ફોન નં.(૦૨૭૮) ૨૪૩૩૬૦૦ મો.૯૪૨૬૧૫૩૬૦૦



# વ્યક્તિગત કરદાતાઓને ૨૦૧૪ના નાણાંકીય ધારા હેઠળ બચત અને રોકાણ તેમજ હાઉસીંગ સંબંધી રાહતો !

શુકલ હીના પી.
એફ.વાય.બી.બી.એ.
કડી સર્વ વિશ્વ વિદ્યાલય
ગાંધીનગર



- કલમ ૮૦-સી હેઠળ નિયત બચતો, રોકાણો તેમજ ખર્ચ સંબંધી મળી શકતી રૂ.૧,૦૦,૦૦૦ ની કપાત વધારીને રૂ.(૧,૫૦,૦૦૦)
- કલમ-૨૪ હેઠળ હાઉસીંગ લોન ઉપર ચુકવવાપાત્ર વ્યાજ સંબંધી રૂ.૧,૫૦,૦૦૦ ની કપાને વધારીને રૂ.૨,૦૦,૦૦૦ કરવામાં આવતી.
- રૂ.૫ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતી વ્યક્તિના કેસમાં રૂ.૨,૦૦૦ સુધીના ૮૦(એ)ની જોગવાઈ ચાલુ રખાઈ.
- પ્રાઈવેટ સેકટરના કર્મચારીઓને ૮૦(સી) સીડીના લાભ સંબંધી મહત્વની સ્પષ્ટતા
- પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ)ની રોકાણ મર્યાદા રૂ.૧,૦૦,૦૦૦ થી વધારીને રૂ.૧,૫૦,૦૦૦

| આવકવેરામાં બચત | રૂ.પાંચ લાખ સુધીની કરપાત્ર આવકના કેસમાં | રૂ.૫ થી ૧૦ લાખ સુધીની કરપાત્ર આવકના કેસમાં | રૂ.૧૦ લાખથી રૂ.૧ કરોડ સુધીની કરપાત્ર આવના કેસમાં | રૂ.૧ કરોડથી વધુ કરપાત્ર આવકના કેસમાં |
|---|---|---|---|---|
| | ૧૦.૩૦% ના દરે | ૨૦.૬૦% ના દરે | ૩૦.૯૦% ના દરે | ૩૩.૯૯% ના દરે |
| પ્રાથમિક મુક્તિ મર્યાદામાં રૂ.૫૦,૦૦૦થી વધારાને કારણે વ્યકિતગત અને સિનીયર સિટીઝન કરદાતાઓ માટે | ૫,૧૫૦ | ૫,૧૫૦ | ૫,૧૫૦ | ૫,૬૬૫ |
| કલમ ૮૦ (સી) હેઠળની રોકાણ મર્યાદામાં રૂ.૫૦,૦૦૦ના વધારાને કારણે | ૫,૧૫૦ | ૧૦,૩૦૦ | ૧૫,૪૫૦ | ૧૬,૯૯૦ |
| કલમ-૨૪ હેઠળ હાઉસીંગલોનના વ્યાજના સંદર્ભમાં રૂ.૫૦ હજારની વધારાની કપાતે કારણે | ૫,૧૫૦ | ૧૦,૩૦૦ | ૧૫,૪૫૦ | ૧૬,૯૯૫ |
| કુલ બચત | ૧૫,૪૫૦ | ૨૫,૭૫૦ | ૩૬,૦૫૦ | ૩૯,૬૫૫ |

## ૨૦૧૪ના નાણાંકીય ધારાની રાહતો કેટલો આવકવેરો બચાવશે ?

પ્રાથમિક કરમુક્તિ મર્યાદામાં વધારો તથા કલમ-૮૦ (સી) તેમજ કલમ ૨૪ હેઠળની કપાતોમાં કરવામાં આવેલા વધારાને લક્ષમાં રાખતા વ્યક્તિ તેમજ (HUF) ના કેસમાં આવકવેરાની કેટલી બચત થશે તેનો ખ્યાલ આ સાથે રજૂ કરેલ કોઠાના આંકડા ઉપરથી આવી શકશે.

- કલમ ૮૦ (સી) હેઠળ નિયત બચતો, રોકાણ તેમજ ખર્ચ સંબંધી મળી શકતી રૂ.૧,૦૦,૦૦૦ ની કપાત વધારીને રૂ.૧,૫૦,૦૦૦.

- આવકવેરા કાયદાની કલમની પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર વ્યક્તિ તેમજ ( HUF) ના કેસમાં કરવામાં આવતા નિયત બચતો, રોકાણો તેમજ ખર્ચના સંદર્ભમાં રૂ.૧,૦૦,૦૦૦ ની મર્યાદામાં કપાતનો લાભ આપવામાં આવે છે.

- કલમ ૮૦ (સી) હેઠળના આવા માન્ય રોકાણો તેમજ ખર્ચની યાદીમાં જીવન વીમા પ્રિમીયમની ચૂકવણી, ( PF), (PPF), (N.C.C.) વિગેરેમાં રોકાણ તથા કરદાતાના બાળકોના શિક્ષણના હેતુસર ટ્યુશન ફીની ચૂકવણી, હાઉસીંગ લોનના સંદર્ભમાં મુદલના હપ્તાની ચૂકવણી વગેરેનો સમાવેશ થાય છે.

૨૦૦૧માં કરાયેલા છેલ્લા સુધારા બાદ કલમ ૮૦ (સી) હેઠળની ઉપરોક્ત રૂ.૧,૦૦,૦૦૦ ની નાણાંકીય મર્યાદામાં છેલ્લા તેર વર્ષથી કોઈ સુધારો જાહેર કરાયો ન હતો. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ અર્થાત આકારણી વર્ષ ૨૦૧૫-૧૬ થી કલમ ૮૦ (સી) હેઠળની રૂ.૧,૦૦,૦૦૦ની મર્યાદાને વધારીને રૂ.૧,૫૦,૦૦૦ કરવામાં આવી છે.

૨. કલમ-૨૪ હેઠળ હાઉસીંગ લોન ઉપર ચૂકવવાપાત્ર વ્યાજ સંબંધી રૂ.૧,૫૦,૦૦૦ ની કપાતને વધારીને રૂ.૨,૦૦,૦૦૦ કરવામાં આવી.

અંતર રોકાણ માટેની એક મકાન મિલ્કત જેનું વાર્ષિક મુલ્ય '૦' ગણાતુ હોઈ તેના સંદર્ભમાં કોઈ કપાત બાદ મળી શકે નહીં પરંતુ આ સંબંધી કરાયેલા વિશેષ અપવાદ અનુસાર જો કરદાતાઓ પોતાના અંગત રહેઠાણ માટેનું મકાન ખરીદવા કે બાંધવા માટે લોન લીધી હોય તે આવી હાઉસીંગ લોક ઉપર ચુકવવાપાત્ર વ્યાજ તેને વાર્ષિક રૂ.૧,૫૦,૦૦૦ ની મર્યાદામાં કપાત તરીકે બાદ આપવાની ખાસ રાહતકારક જોગવાઈ આવકવેરાના કાયદાની કલમ ૨૪ હેઠળ કરવામાં આવી છે. ૧૯૯૯માં નિયત કરવામાં આવેલી આ કપાત મર્યાદામાં છેલ્લા પંદર વર્ષથી કોઈ સુધારો કરાયો ન હતો. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ અર્થાત્ આકારણી વર્ષ ૨૦૧૫-૧૬ થી ઉપરોક્ત કલમ-૨૪ હેઠળ કરાયેલા સુધારા અનુસાર રૂ.૧,૫૦,૦૦૦ ની મર્યાદાને વધારીને રૂ.૨,૦૦,૦૦૦ કરવામાં આવી છે.




૩. ૫ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા વ્યક્તિના કેસમાં રૂ.૨,૦૦૦ સુધીના આવકવેરા રિબેટની કલમ ૮૭ (એ) જોગવાઈ ચાલુ રખાઈ.

૨૦૧૩ ના નાણાંકીય ધારા હેઠળ કરદાતાઓને રાહત આપવાના હેતુસર આકારણી વર્ષ ૨૦૧૪-૧૫ માટે નવી દાખલ કરાયેલી કલમ ૮૭ (એ) હેઠળ આવી જોગવાઈ કરવામાં આવી કે રૂ.૫,૦૦,૦૦૦ સુધીની કરપાત્ર આવક ધરાવતી રહીશ વ્યક્તિના કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરામાંથી ૧૦૦ ટકા વેરો અથવા રૂ.૨,૦૦૦ બે માંથી જે રકમ ઓછી હોય તે આવકવેરા ક્રિબેટ તરીકે મળવાપાત્ર રહેશે. આવકવેરા રિબેટની રકમ ૮૭ (એ) ની ઉપરોક્ત જોગવાઈને આકારણી વર્ષ ૨૦૧૫-૧૬ માટે પણ ચાલુ રાખવામાં આવી છે.

## ૪. પ્રાઈવેટ સેકટરના કર્મચારીઓને ૮૦ (સી) સીડીના લાભ સંબંધી મહત્વની સ્પષ્ટતા

કલમ ૮૦ (સી) સીડીની જોગવાઈઓ હેઠળ સરકારી કે ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૦૪થી તેમના પગારના ૧૦ ટકા ફાળાની રકમ નવી પેન્શન સ્કીમમાં જમા કરવામાં આવે તેના સંદર્ભમાં કપાત આપવાનો છે.

કેન્દ્ર સરકારના કર્મચારીઓના કેસમાં ૧ જાન્યુઆરી, ૨૦૦૪ પછી નોકરીમાં કર્મચારીઓને આવી પેન્શન સ્કીમ હેઠળ આવરીલેવામાં આવ્યા છે પરંતુ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના સંદર્ભમાં આ તારીખના કટ ઓફ જરૂરી ન હોઈ તે સંબંધી લાભ ૧ જાન્યુઆરી ૨૦૦૪ અગાઉ નોકરીમાં જોડાયેલા કર્મચારીઓને ન આપવા માટેનુ કોઈ તાર્કિક કારણ હોઈ શકે નહી.

આ કારણોસર આકરણી વર્ષ ૨૦૧૫-૧૬ થી એવો સુધારો કરાવમાં આવ્યો છે કે, ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ કપાતનો લાભ મેળવવાનો હેતુસર નોકરીમાં જોડાયાની કોઈ તારીખને લક્ષમાં લેવી જરૂરી રહેશે નહી.

## ૫. પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ)ની રોકાણ મર્યાદા રૂ.૧,૦૦,૦૦૦ થી વધારીને રૂ.૧,૫૦,૦૦૦

પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ)ના કાયદા હેઠળ પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર પ્રતિ વર્ષ રૂ.૧,૦૦,૦૦૦ની મર્યાદામાં રોકાણ કરી શકાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫થી કલમ ૮૦ (સી) હેઠળ કરવામાં આવેલા સુધારા સાથે સુસંગત એવી જોગવાઈ કરીને રૂ.૧,૦૦,૦૦૦ ની રોકાણ મર્યાદાને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી રૂ.૧,૫૦,૦૦૦ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

સગીરના (પીપીએફ)ના ખાતામાં પ્રતિ વર્ષ રૂ.૧,૫૦,૦૦૦નું રોકાણ કરવામાં આવે તો ૧૮ વર્ષના અંતે સગીર પુખ્ત બનતા તેના ખાતામાં રૂ.૬૫,૩૮,૫૨૨ની કરમુક્ત મુડીનુ નિર્માણ થઈ શકે.